૪૭૪૪૪

સોલંકીનું નાટક.

તેજમાલ ને તેજબાનું

તથા

શ્રીબહુચરાજીનું બરદ,

અને

અલ્લાઉદ્દીનની આપખુદી.

બનાવી પ્રસિદ્ધ કરનાર.

કવિ. શીવલાલ ખુશાલભાઈ. બારોટ.

(આ બુક સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીષ્ટર કરાવી છે.)

અમદાવાદ.

મામાની હવેલીમાં યુનાઈટેડ પ્રિંટીંગ અને જ-
નરલ એજન્સિ કંપની 'લિમિટેડ'ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૭. સન ૧૮૯૧.

મુલ્ય બે આના.

૪૭૪૪

वजेसिंहसोळंकीनुं नाटक.

અને

શ્રીબહુચરાજીનું બરદ.

अंक १ लो.

પ્રવેશ ૧ લો.

मंगळाचरण.

સુત્રધાર૦— રાગ કલ્યાણ.

શ્રી ગણુપતિ તું આપ શુભ મતી,
વંદન કરૂં શ્રીબહુચરાજી માત સરસ્વતી. ટેક.
શુંભ નિશુંભ મારીને, કીધા તે ચકચૂર;
દેવને અભયપદ આપી, આણંદ્યા ભરપૂર. શ્રીગણુપતી.
જળ થળ સર્વ માંહી, તેં કર્યો નિવાસ;
સુર્ય ચંદ્ર તારા માંહી, તારો છે પ્રકાશ. શ્રીગણુપતી.
ત્રણ્ય લોકને માત, તારો છે આધાર;
ભક્ત જનનાં કાજ કીધાં, પમાડી ઓધાર. શ્રીગણુપતી.
શીવ શીશ ગંગધારા, તું થઈ વહી;
વહાર કરી વાસુદેવને, વીજળી થઈ. શ્રીગણુપતી.
સર્વે સજ્જન સાંભળો, એકાગ્રચિત કરી;

હવે વર્ણન હું કરૂં, શ્રી માત બહુચરી. શ્રીગણુપતી.
આજ જનના બળાપાનો, હોસે ચિતાર;
નાટક સોલંકીનું સુણીને, કરો વિચાર. શ્રીગણુપતી.
નારીનો જે નર કર્યો, ધન્ય બહુચરાજીમાત;
નાટક તે તણુંછે જેની, મૂલકોમાંછે ખ્યાત. શ્રીગણુપતી.

નટી—"કહોને કેસરખા પુત્રી સુખી." એ રાગ.

વજેસોલંકી કહાવે, જાતનો રજપુત;
ચુંવાળ મધ્યે કાલરી કેરો તે ભુપ;
પતીવૃત્તા નારી છે તેને ઘેર, પવિત્ર તે પૂરની શી કહું પેર;
ચારસેં ચુંવાળનો તે ધણી, અલખત અપરમ પાર ધણી;
નીમળ ન્યાય વર્તે તે મહિપાળ, ગામ એકસોઆઠનોતેભૂપાળ;
રાજ કરે બહુ રૂડી રીત, પ્રજાપર પૂરણ રાખે પ્રીત;
પેટ નહિ પ્રજાનું જે સુખ, રૈયત રાજાને દારૂણુ તે દુઃખ;
વૃદ્ધ ઉમર થઈ વિમાસે તે મન, એટલામાં રાણીને ચડ્યો દન;
તેથી રૂપે રંગે ખીલી અપાર, જાણે બેઠી રતિનો અવતાર;
પીયર તેનું વસાઈ મોઝાર, વાઘેલા રજપૂતની રાજકુમાર;
ગર્ભની વાત બધે ચાલી રહી, પ્રજાને પુત્રની આશા થઈ;
રાજા રૈયતને મન હર્ષ ન માય, ક્યારે પુત્રનો જન્મજ થાય;
નવ માસ પુરે નોતમ બાળ, મધ્ય રજનીએ જન્મી રાજકુમાર;
હતી આશા પુત્રની તે થઈ ફોક, રાણી વઝારણુપામ્યાંછે શોક.

બોલી.

પુત્રીને દેખી રાણી, અતિ આક્રંદ કરે છે મંન;
કવેળાનો આ ક્યાંથી, પાપે પથ્થર મુજ ભૂવંન.

(નટી તથા સુત્રધાર નાટકની ખીના ગાઈને જાય છે.)

તખતબા—(પછી પ્રવેશ કરી નિસ્વાસ નાંખી ગાયછે.)

લાવણી.

" ખુશ રહો શનમજા મેરા બીધાતા બેરી ". એ રાહ.

વિષાદ વડો શું કરૂં વડારણ શાણી,
મારી પુત્ર વિનાતો, જીંદગી થઈ ધુળધાણી. ટેક.
વૃદ્ધ ઉમર રાજાની, મુજ ઉમર છે નાહાની,
આ કર્મ તણી ક્યાં જઈ, કહું હું કહાની. વિષાદ.
મારૂં રાજ્ય ફટાઈયા, ફંદ કરીને લેશે;
મરજી માફક મુજ, ખરચી બાંધી દેશે. વિષાદ.
માથું કુટી હું મરૂં, કરૂં શું જાએ;
વિધાત્રાના લેખ કેઈ પેર મીથ્યા થાએ. વિષાદ.

વડારણ—

બાઈ ન કરો કાંઈ કલ્પાંત, એક છે બારી;
એક વિનતી સુણજ્યો, ઉરમાં હિમત ધારી. વિષાદ.
તમે વાત ન કરશો, કુમરી જનમ્યા કેરી;
બહુ ખુશી થાશે, દુરીજન દુષ્ટો વેરી. વિષાદ.
હું સુતની વધાઈ, વદું જઈ સોલંકીને;
ધન્ય જુગમાં જાહેર, કરૂં સિંહ લંકીને. વિષાદ.

તખતબા—(વજા સોળંકીની વાઘેલી રાણી)

તમો ભલે વધાઈ, ભૂપને જઈ કહીઆવો;
મુને મહોટા મંગળના, સમાચાર દરસાવો. વિષાદ.
રાજા મહોત્સવ જે કરે, તે આવી કહેજ્યો;
પછી મુજ પાસે, ધીરતા રાખી રેહેજ્યો. વિષાદ.

(તખતબા રાણી જાયછે ને વધાઇ કરવા વડારણ પણ વજેસિંહજી દરબાર ભરી બેઠા છે ત્યાં જાયછે.)
(પડદો પડ્યો.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—સોળંકીનો સભા મંડપ.

રાજ્ય સભા, વજેસિંહ, વડારણ.

વડારણ૦—(રાજ્ય સભામાં પ્રવેશ કરીને) વધાઈ છે રાજ વધાઈ છે આજ આપની રાણી વાઘેલીજીને પુત્ર પ્રસવ્યો છે તે ક્રોડ દીવાળી રાજ કરો.

(આવું સાંભળી રાજા જેમ અંધને લોચન આવે તેમ ચકોર દ્રષ્ટીથી હર્ષયુકત થઈ કરમશીને કહેવા લાગ્યો)

વજેસિંહ૦—આજે આપણે મહોટો ઉત્સવનો દીવસ હરીએ આપ્યોછે માટે ગામ પરગામ વધાઈ મોકલી કસુંબો સાકર તથા પાન, ગુલાબ લેવા આમંત્રણ કરો, અને નટ, નાયકા, નાટક, નગારખાના વીગરેની રમત ગમત કરાવો. અને મંગળીક શોભા મંડપમાં રચાવો.

(નાયકાઓ નૃત્ય કરી જાય છે અને સર્વે સભા નજરાણો કરી સાકર લઈ ઝવારે કરી જાય છે. અને પછી તખતબા રાણી પ્રવેશ કરી તખ્તપર બેસે છે. એટલામાં વડારણ વધામણી કરી આવી. તેને રાણી કહેવા લાગી.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—સોલંકીનો રંગ મહેલ.

પાત્રજન. વજેસિંહ. વાઘેલી. વડારણ અને વિદુષક.

તખતબા— રાગ કાલીંગડો.

હો વડારણુ વાર શી આવડી, (૨) વહાલા મોરીરે. હો૦
ભમર ફોરે જ્યમ કમળને, ત્યમ ફોરાયે કાય;
દુઃખ થાયે દીલ ઘણું, તે જોતાં નહિ જણાય. હોવડારણુ૦
જવાપ આપે કોણ જુક્તિયે, વનિતા વૃંદ ભરાય;
તુજ વિના હો બેનડી, મન મહારૂં મુંઝાય. હોવડારણુ૦
ગુપ્ત વાત આ આપણી, જાણે છે તું આપ;
બીજાને બરફાય નહીં, તે મુજને સંતાપ. હોવડારણુ૦
સોલંકી રાજે શો કર્યો, ઉત્સવ મહોટો આજ;
મુજને તે માંડી કહો, મેળવી સજન સમાજ ? હોવડારણુ

વડારણુ— લાવણી. રાહ ૯૦ પ્રમાણે.

વખાણ વડાં શું કરૂં, વાઘેલી રાણી;
મળ્યા અમીર અને ઉમરાવ, સભા સૌ ભરાણી. ટેક.
મેં વધાઈ વજેસિંહજીને, કરી જે વારે,
ખુબ મંગળ ઉત્સવ, રચવા માંડ્યો ત્યારે. વખાણુ૦
તરતીબ તોરણ બંધાવી, રાજ દ્વારે;
બહુ યાચક જનને, દાન દીધાં દરબારે. વખાણુ૦
વળી વડી ખુશાલી, વજેસિંહ ઉર લાવી;
આમંત્રણ કરીને, સભા સહુ તેડાવી. વખાણુ૦
અમીર અને ઉમરાવ, નગર નર નારી;
તે કરવા આવ્યાં, ઉત્સવ મંગલકારી. વખાણુ૦
કોઈ કસુંબી કેસર, પાઘ પેહેરી જરતારી;
જાણ્યે ખીલ્યો હોય, બાગ ગૂલ હજારી. વખાણુ૦

ગાય માનુની મંગળ, ગીત ઉલટ આણી;
વૃદ્ધ ઉમરે રાજાનું, પણ રેહ્યું એમ જાણી. વખાણ૦
ત્યાં ત્રણ તરેહનાં, વાજીંત્રો ખૂબ વાજે;
રાજ મહેલો માથે, કનક કલસ બહુ છાજે. વખાણ૦
પછી સોલંકીએ સૌને, સાકર વચી;
ન જોઈ જાત કુજાત, ઊચી નીચી. વખાણ૦
વળી પુરના લોકોને, આપી પોતે હાથે;
પછી પરદેશ મોકલાવી, પાળાઓ સાથે. વખાણ૦
પોતે પાન કસુંબે, સભાની સ્વાગત કીધી;
ઘેર જાવા કેરી, આજ્ઞા સૌને દીધી. વખાણ૦
ગયાં પુરૂષ પ્રેમદા, આપ આપણે સ્થાને;
એવી લીલા ત્યાં થઈ, સુણો સુજાણે. વખાણ૦

(આ ગાઈ વડારણને વાઘેલી વાતવિનોદ કરેછે એટલામાં.)

વજેસિંહ૦-(પ્રવેશ કરી વાઘેલી પ્રત્યે) આજે વીસુઠન છે એમ જાણી પાંચ મોરો પાટણના રાજાએ કુમારના માગાની મોકલી છે તેનું શું કરવું ?

વાઘેલી.-સ્વામીનાથ! ખુશીથી લ્યો એની કંઈ ફીકર નથી. કારણ કે પ્રાણનાથ! પૂર્વે એક બ્રાહ્મણે દીકરી કે દીકરાનો જન્મ થયા વગર વહુ લાવ્યો હતો, પણ તેને પુરૂષોત્તમજી ભગવાને પુત્ર આપ્યો હતો ! તો તે પ્રભુને દીકરીનો દીકરો કરતાં શી વાર ? માટે એ શુકન સાધો.

વિદુ૦-ખરી વાત બાઈસાહેબ એ શુકન ખરોછે. મારા બાપે હું ઓદરમાં હતો ત્યારે મારા માગાનો રૂપીઓ લીધો હતો.

વડા૦-તમે નજીવતાના ખરાને તેમાં લીધા હશે !

જજે૦—(વાઘેલી પ્રત્યે) આ વાત મને બહુ દુરઘટ લાગે છે !
વાઘેલી—હું એક હરીના અદ્ભુત પ્રસાદનું પદ કહું તે સાંભળો.

પદ.

" નાથ કૈસે ગજકો બંધ છુડાયો, " એ રાગ.

અકળ ગતિ ઈશ્વરની છે બહુ ન્યારી, ઈશ્વરની છે ન્યારી. ટેક.
વ્રજપર ઈંદ્રે કોપ કર્યો ત્યારે, ગોવરધન કર ધારી;
ગોપ ગોવાળ સુરભિ સૌ વચ્છને, શામળે લીધાં ઉગારી. અ.
નૃસિંહ મેતાને હાર આપવા, દામોદરે દેહ ધારી;
ભકતજનની રક્ષા કરીને, મંડળીકની મમતાને મારી. અક.
સવરિનાં બોર વનમાં પ્રાશ્યાં, અજામેલ ગજ ગુણકા તારી.
પિતાએ પેહેલાદ પરભવ્યો ત્યારે, નૃસિંહ થયા થંભ ફારી.
દુષ્ટ દુર્યોધન દુશ્યાસન દુરમતે, પરભવી પાંડવ નારી;
ત્યારે નવસેં નવાણું ચીર પુર્યાં, એવા એ કુંજ વિહારી. અ.
વિષના પ્યાલા અમૃત કીધા, મીરાંના ત્યાં મોરારી;
તેલ કઢા વળી ટાઢી કીધી, જેવું શીતળ હોય વારી. અ૦
રાવણ માર્યો ઇંદ્રજીત માર્યો, માર્યો મહા માંસાહારી;
વિભિષણને રાજ્ય આપ્યું, રાવણ કુળ સંહારી. અકળ૦
ચત્રખાણીના ચત્ર પ્રાણીની, સંભાળ લે બહુ સારી;
એવો છે શીવરામનો શંકર, તે નાથ ના મેલે વિસારી. અ૦

જજે૦—ધન્યછે તમારી હિંમતને ! વારૂ તમારી મોરો લેવાની મરજી છે તો ભલે. " હિંમત મરદાં તો મદતે ખુદા, પાદશાહકી લડકીસેં ફકીરકા વ્યાહ" જેવી વાતછે પણ માતાજી લાજ રાખશે. (એમ કહી રાજા જાયછે)

अंक २ जो,

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાજ મેહેલ.

પાત્ર. કરમશી, વજેસિંહ, લગનીઆ.

વજે૦—કરમશી કારભારી? અહો તેજમાલના ચાંદલા કર્યે સાત વરસ થયાં પણ લગ્નના સમાચાર આવ્યા નહીં તેથી મને ફીકર થાયછે કારણ હવેમારી વૃદ્ધ ઉમર થઇ માટે સારૂં કામ જલદી થાય તેમ સારૂં.

કરમશી૦—એની ફિકર રાખશો નહિ મને લગનીઆ આવવાના ભણુકારા વાગે છે (એટલી વાત કરતામાં તો લગનીઆ આવ્યાના સમાચાર સાંભળ્યા.

લગ૦—(પ્રવેશ કરીને) રામ રામ આપનું રાજ અચળ રહો, ને તેજમાલજી પરણાવી લાહો લહો. આ અમારા ધણી સુરસિંહ ચાવડાએ પાટણથી ચઈતર સુદ ૮નું લગ્ન નીરધારી આ પડો પાઘડી શેલું મોકલ્યાંછે તે વધાવી લ્યો ને લગ્ન વાંચી જાનની તઇયારી કરો.

વજે૦—જાઓ જાલમસિંહ આમને ઉતારો આપી સ્વાગત કરો?

કરમશી૦—ઠાકોર સાહેબ આપનો જાન લેઈ જવાનો વિચાર છે કે ખાંડુ લેઈ જવાનો વિચાર છે ?

વજે૦—ખાંડુ મોકલવાથી આપણી બાંધી મુઠી રહેશે માટે તમો ત્યાં ખાંડુ લેઈ ખબરદારીથી જાઓ વહેલા આવજો.

(ખાંડુ લેઇ જાયછે અને પાછા આવે છે)

કરમશી૦—રામ રામ ખાંડા સાથે લગ્ન કરી આપની કૃપાએ ફરી આવ્યા. પાટણના રાજાએ દાયજામાં પાંચ ગામ

આપ્યાં ને આપની કુશળતા પુછી ઝાઝેમાનેઝવારકહ્યાછે.

વજેસિંહ૦—વારૂ ઠીક કર્યું. વેળાસર આવ્યા, પણ કહો કન્યા કેટલા વરસની વયમાં છે ?

કર૦—૯ વરસનીછે વારૂ આણાનું કહેણ મોકલે ત્યારે વાત ? હરીના હાથ લાંબાછે. ?

(ત્યારપછી કેટલાંક વર્ષ વ્યતીત થયાવાંસે કન્યાને તેડીલાવ્યા)

કર૦—(સોલંકી સાથે) લાડીજીને તેડી આવ્યા.

વજે૦—બહુ સારૂ કર્યુ. આજે સોનાનો સૂર્ય ઉગ્યો માટે નાટકકારો, નટ, નાયકાઓ, ગવૈયાઓ, સર્વને બોલાવી રસનાઈ કરાવી મ્હોટા મહોત્સવનો આડંબર કરો કે જેથી કરીને કન્યા ગુલતાન થઇ જાય. અને તેને મોતી મહેલમાં મુકામ આપજો. કારણ તેની ચોતરફ હરેક ઇલમીને બેસવાની જુદી જુદી જગા છે તેથી દીપ્રમાન દેખાશે.

કર૦—જો હુકમ ! સર્વ સાહીત્ય તઇયાર કરાવી તેમાં મુકામ કરાવું છું. (સત્રે જાયછે ને પડદો પડેછે)

પ્રવેશ ૫ મે.

સ્થળ—મોતી મહેલ.

તેજબારાણી, જાસુદાશી, તેજમાલ કુંમાર.

તેજમા.—આહા ! ! ! આ શો આડંબર કર્યો છે !!!

જાસુ૦— રાગ બરવાની ઠુમરી.

બારાભરણ બાઈ સજીને સજની, સોળ શૃંગાર સજો સજનારે;
અભિસારીકારૂપ અબલંબી, હાવભાવસુ ભરથાર ભજની. બારા.
તેજમાલજી આવ્યા તક થઇ, હવે નાજુક બનજ્યો નાજનીરે;
પરવારતાં કાંઈ પાર ન આવે, ચાર ઘડી ગઈ રજનીરે, બારા૦

તેજબા.—તું તમામ ચીજ આ ઓરડામાં મુક એટલે પ્રાણપતી
પધાર્યા પહેલાં તૈયાર થઈ તખ્તપર બેસું ?

જાસુ૦ લો આ સર્વ સાહીત્ય આપના ઓરડામાં મુકી આવી.

(રાણી ઓરડામાં જઈ વસ્ત્ર આભુષણ પહેરી બહારઆવીબેશી.)

તેજબા૦—જાસુ તું જરા ઝરૂખે જઈને જોને પૃથ્વીનાથ પધારે છે?

જાસુ૦—હા! ગજરાજની તરેહ ઘુમતા એ આવ્યા. વધાવીલો!

(રાણી અભિસારીકાની પેઠે હર્ષભેર સામીજઈ મોતીએ વધાવી મહેલમાં આવી પલંગપર પધરાવી અત્તર સુગંધી આળેખતી જાય ને હાવભાવ અનેક પ્રકારના કરતી જાય પણ તેજમાલ તલભર ડોકું ઊંચું કરે નહિ ત્યારે તે સમજી ગઈ કે કેવળ સ્ત્રી છે. પણ પોશાક પુરૂષનો પહેર્યો છે. આવું વિપરીત જોઈ હર ! હરા કહી નિસ્વાસ મુકી કહેછે)

રાગ બનજારાનો.

"કયા ઇશ્કેપરીને માગ, મુજે છોડ ચલા બનજારા." એરાગ.

વિણ પતી ગતી શી મારી, તમે નાથ ન જોયુ વિચારી.

તમે આવડો દંભ શીદ કીધો, પેરવેશ પુરૂષનો લીધો;
જ્યારે સ્વરૂપ હતું શુદ્ધ નારી, તમે નાથ ન જોયું વિચારી. ૧
જુઓ હંસ અને હંસલી, વળી ચકવો અને ચકવી;
તેમ સજોડે સૌ વન વિહારી, તમે નાથ ન જોયું વિ૦ ૨
મુને અદકો દંડ પ્રભુ દીધો, મારો હર્ષ હરી શું લીધો;
ગુણ ગાથ ન જાયે ગુજારી, તમે નાથ ન જોયું વિચારી. ૩
મહીયર જાશે તો માતતાત પૂછે, વેગે વળ્યાનું કારણ શુંછે;
ત્યારે બોલવાની નવ રહી બારી, તમે નાથ ન જોયું વિ૦ ૪

અતિ શોભો સોલંકી અનુપ, જાણે મોટા બેઠા ભડ ભૂપ;
આવી કપટી કળા કયાંથી ધારી, તમે નાથ ન જોયું વિ ૫
મારો જન્મારો કેઈ પેર જાશે, મારી લોકમાં હાંસી થાશે;
આવી ભીતર અગનિ શું ભારી, તમે નાથ ન જોયું વિ૦૬
રંક રાવ અને વળી રાજા, કંઈ દૂર્બળને કંઈ તાજા;
શોભે સજોડે સકળ સંસારી, તમે નાથ ન જોયું વિ૦ ૭
રચ્યું દેવ વિનાનું દેહેરૂં, એ કામ કર્યું છે અનેરૂં;
નાંખી કુપમાં રાજ્ય કુંમારી, તમે નાથ ન જોયું વિચા ૮
સાચા ક્ષત્રિની પૂત્રી કહાવું, કુળમાં કલંક નહિ લગાવું;
મિથ્યા મોહને નાંખીશ મારી, તમે નાથ ન જોયું વિચા૦૯
(આમ મન વાળતાં નહિ વળવાથી બીજું ગાયન ગાયછે)

રાગ મહાડ.

તેજખા૦—

પિયુ વિણુ પળ કેમ જાય, રાજા બાળારે જૂવાની;
દરદે થઈ દિવાનીરે રાજા, બાળા જૂવાની. ટેક.
સુનું સરોવર જળ વિનારે, મોર વિનાનો મેઙ;
ભમર વિનાનું વન ભયાનક, તેમ દોસ્ત વિનાનો દેહ. રાજા
જળાશયનાં જનાવરોરે, સારસ સારસી જોડ;
પ્રાણ તજે એ પલકમાં જો, દૈવ દેવે એને ખોડ. રાજા.
પ્રેમ ભરી હું પ્રેમદારે, આવીતી હર્ષ અપાર;
સર્વાંગે સુ શોભિતા હું, સજી સોળ શૃંગાર. રાજા બાળા.
તોએ તરછી તમો કરીરે, ન્યાળી નહિ મુજ નાથ;
તહ:કાળની હું તરફડુંછું, સ્વામી કરોને સનાથ. રાજા બાળા.

થયું નથી થાશે નહીરે, આવું દુર્ઘટ કામ;
ફડક લાગી આ ફંદની, મારે નેણે નીંદ હરામ. રાજા બા.
જળ વિના જ્યંમ માછલી, ત્યમ ચંદા વિનારે ચકોર;
કમળ વિકસી શું કરેરે, ભોગી ન મળીયો ભોર. રાજાબાળા
સુખ થાશે સ્વામીથકિ પણ, ઉલટું ઉપજ્યુ દુઃખ;
ત્યારે આશા શી સુખની, તેનું ઉદાહરણ કહું મુખ;
પાણી અગ્ની ઓલવે પણ, પાણી બાળે જે કાળ;
ઉલટુ એમ જો ઉપજે, ત્યારે ઝંપાએ કેમ ઝાળ. રાજા બા.
ઝેર ઉતારણ જકતમાંરે, અમૃત અધિક કહેવાય;
પણ અમૃત મારે જ્યાહરે, ત્યારે કોનાથી કુશળથાય. રાજા.
સૂર્ય અંધારૂં ટાળેછે કાંઈ, પોતાનો કરી પ્રકાશ;
પણ આપ અંધારૂં આદરેતો, ઉમટે કેમ ઉજાસ. રાજાબાળા
તાપ ગરમીને ટાળનારો, ચંદ્ર કૃપાળુ કેહેવાય;
તાપ કરે જો તે પ્રભૂ તો, કોણ કરે પછી સાહ્ય. રાજા બા.
જળ વર્ષાવી જકતનેરે; જીવાડે મેઘ રાય;
તે વરસે નહી જો વિશ્વમાં તો, જનથી કેમ જીવાય. રાજા.
સુખ દેનારા સાહ્યારે, દેશો જ્યારે દુઃખ;
ત્યારે મ્હારા ભાગ્યમાં, નથી સરજ્યું નાથનું સુખ. રાજા.

તેજ૦–આવાં વિંગ વચનો શું મારો છો પ્યારી ? બગડી વાત ને સુધરનારી શ્રીબહુચરાજી શ્રોણાચળ ઉપર ગાજે છે?

(તોયે તેનું મન નહિ શાંત થતાં બીજુ ઉદાહરણ તે બોલી)

ગંગા નાહી હર પરસીયારે, પરસી રાજ પ્રયાગ;
તોયે દુઃખ ઘટ્યું નહિ તો, ઘટવાની કોણ જાગ. રાજા.
ધનવંતરી ગૃહે ગયેજો, રોગ મટે નહિ કાય;

ત્યારે નિશ્ચે જાણવું જે, હાવે સુખ ન સુહાય. રાજા બાળા.
સૂર્ય ઉદેથી ન ગયુંરે, તિમીર તલભર નાશ;
ત્યારે મનમાં જાણવુંજે, પ્રગટે નહિરે પ્રકાશ. રાજા બાળા.
ઉપદેશ લીધો ઉરમાં, જઇ પરમેશ્વરની પાસ.
તોયે જ્ઞાન જો ન થયું, ત્યારે થવાની શી આશ. રાજા.
શુકદેવ વ્યાસના મુખથીરે, કથા સાંભળી કાન;
તોયે ભ્રાંતી ભાગી નહિ, એ ન ભાગવાનું નીશાન. રાજા.
ત્યમ આવી હું તમકનેરે, ભાગી ન જ્યારે ભૂખ;
હવે આશા શી રાખવી, મારૂં દૂર ન થાશે દુઃખ. રાજાબા૦
બુઝાવી બુઝે નહિ આ, અંતર ઉઠી જે આગ;
ભવ સાગરમાં ભમી પડી, મારો તરતાં નાવે તાગ. રાજા.
નર વિનાની નારને કહો, આવે કયમ સબુર;
અનંગ ઉછળે અંગમાં જ્યારે, ભર છોળે ભરપૂર. રાજા.
દુઃખી ન થાવું દેખીરે, સુણો ચતુર સુજાણ;
પરભાતે પ્રેહ ફાટતાં પિઉ, પાટણ કરશું પ્રયાણ. રાજા બા.

તેજમાલ૦—

રાણી રૂપવતીરે, મારી રાણી રૂપવતી;
સુંદર શીરોમણ સતીરે. મારી રાણી રૂપવતી. ટેક.
પિયાંણું આવ્યે પધારજ્યોરે, ત્યાં લગ રહો મુજ પાસ;
ત્યાર વિના જો સંચરો તો, વધતો થાશે વિનાશ. મારી.
બાળપણામાં બાળકાંરે, પરણાવે માત તાત;
તેથી તમામ જાણજ્યો આ, ઉપજ્યો મહા ઉત્પાત. રાજા.
બગડયા પછી બહુ કરીરે, કરીએ નહિ કલ્પાંત;
માતા દુઃખ મટાડશે તમે, કરો ન આંસુ પાત. મારી.

(તેજબા મુકામે જાયછે ને પછી કેટલાક દીવસ કેડે પીયાંણું આવવાથી પાટણ ગઈ.)

अंक २ जो.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—સુરસિંહ ચાવડાનો સુપડીઓ મહેલ.

તેજબા, સુરસિંહ ને તેની રાણી લાડીજી, જાસુ, વદુશક.

(તેજબા ઘણે દહાડે સાસરેથી આવી તેથી તેની મા ઉઠી.)

લાડીજી—ઓ! મારી પ્યારી કુંવરી આજ ઘણે દહાડે તારૂં સુખારવિંદ જોઈ, જેમ પોયણી ચંદ્રને જોઈ વિકાશપામે તેમ તને જોઈ પ્રફુલિત થઈ છું. વારૂ ત્યાં સૌ ખુશીછે.

તેજબા.—હા મા. સર્વે ખુશી છે. તે અખિયાતાં રહો ! ! !

(આવું મરડનું વેણ બોલવાથી તેની મા બોલી.)

લાડીજી.— રાગ બેહાગ.

હો મોયકું કલના પરી, કોન દુઃખે દુબરી; હો મોયકુ.
પીત બરન મુખ પાનસો પીરો, દેખકે દીલ મેં ડરી. મોયકુ.
સીસફુલનાં શીરપે સોહે, બાર ગયે બિખરી; મોયકુ કલ.
શરીરકી કુછ સુધનાં સુહાવે, કૈસેં બની બાવરી. મોયકુ.
નખસિખ નિહારી મેં કહા દેખું, સારી સુરત જરી. મોયકુ
સાસ સસુર બડો દુઃખ દીનો, કહા પિઉ પરહરી. મોયકું.

(તેજબા તેની માને પ્રતિ ઉત્તર આપે છે.)

ઠુમરી.

" દરસ બિન અખિયાં તરસ રહી. " એ રાહ.

દરસ પિઉ દેખ્યો પરસ નહીં, પરસ નહીં ઝર બરસ રહી;
દરસ પિઉ દેખ્યો પરસ નહીં. ટેક.
બેદરકારી બાલમ મેરા, મૈં નારીકે સંગ નરસ ભઈ. દરસ.
બિન દેખે તુને બ્યાહ કીયો, મૈ સદા સોક સિંધુમેં બહી. દર.
મનકી મુરાદાં મનમેં મેરે, કો આગે ના જાયે કહી. દરસ.
જન્મ હુવા જબ મૈયા મેરી, ક્યોં ન મારી મોય બિષ દઇ. દ.
પીતા મેરે પ્રાક્રમી પુરે, ઉનકી અક્કલ કહાં ગુમ ગઇ. દરસ
ફાંસા માહે ફસાઈ મોયકું, સૃષ્ટીમેં ઓ સરસ થઇ. દરસ.

લાડીજી—હર ! હર ! હર ! કહી પછાડ ખાઈ પૃથ્વીપર પડી ! તેનો ધબાકો સાંભળી તેજબાની સખી ચેનબા પ્રવેશ કરી તેજબા પ્રતે કહેવા લાગી.)

ચેનબા૦ અહો ! ! ! આ શો ગજબ ગુજર્યો છે બેન ! વસ્ત્ર, આભુષણે ભરપુર ભરેલાં છો છતાં આવડાં દુબળાં કેમ!

લાવણી.

તેજબા૦—

" ચલ ચલીતો મૃગનોચની, ખડી રહે સજની; "
" કહાં ચલી પેનકે, નથનીગે હિંદવાની. " એ રાહ.
બીપતકી મેં ક્યા કહું, સમજ લે સજની;
બીન પિયા મેરી ના કટે, દીન ઓર રજની. ટેક.
મેરી બારા જુવાની ખીલી, ખુબ ગુલજારે;
મખમલ મેરી ના મીલા, મુજે દીલદારે;
મને પેની કસુંબલ સારી, કોર જરતારે;
એંગીયાં હૈ મેરે, અંગમેં બુટેદારે;
એ સિંનગાર સજે સબ, અંગમેં જાનો અગની. બીન.

દો નેન ચમક રહે, અકાસ જેસેં તારે;
ખંજન પંછી ઓ ખુબી, દેખે હારે;
ફિર જીનકું ધ્યાને, કાજલકી ખોર સારે;
ઓર અત્તર ખસબોઈ, ખુબ લગાઈ બારે;
એ શિંનગાર સજે સબ, અંગમેં જાનો અગની. બીન૦
મેરે સીસ ફુલહે, સીર મેં દેખો ભારી;
અંબોડા હે અંકડેદારે, જ્યોં નાગન કારી;
સેથે બિચ સિંદુર બિંદી, મેને ડારી;
દેખ કાન કુલાફુલ, નથની નાકે વારી;
એ સિંનગાર સજે સબ, અંગમેં જાનો અગની. બીન૦
મેરે જડીત દામની, ઝલકે ભમર ધનુંપર;
લગી જીસકે ધ્યાને, લોલકકી મોતન સર;
મેરે ચંદાસા ચાંદલા, ચલકે કપાલકે ઉપર;
કી કસ્તુરીકી બીંગી, મુખબાસ મન ભરે;
એ સિંનગાર સજે સબ, અંગમેં જાનો અગની. બીન૦
રખા ગલમે નવસર હાર, ચોકીયું બાલા;
ફિર ધર મોતનકી માલ, બીચ પરવાલા
ઓર જુમના ઝલકતા, છાતીકે પર ડાલા;
મેરે ગલમેં ગલુબંદ, હે મોહન માલા;
એ સિંનગાર સજે સબ, અંગમેં જાનો અગની. બીન૦
લગે દસ્તુમેં બાજુબંધ, ચુરીઆં બીટી;
ઓર પેરમેં પાદાંગદ, ફુલ અંગુઠી;
પેન કલાં સાંકળાં, કાંબીકુ રખ છુટી;
ઝમકારેમેં જાય, જાલમકા દીલ ફુટી;
કવિ સીવો કહે શંકરકું, અબ તું ભજની. બીન૦

તેજબા.—જાસુ તું પિતાજીને બોલાવી આવ? હું હવે જાઊંછું! કારણ તેમની આગળ મારે કહેવું લાજમ નહીં, માટે તું તમામ મારા વિતકની વાત તેમને કહેજે!

સુરસિંહ.—(પ્રવેશ કરી) અહો! જેમ ઝેહેરી પવનના ઝપાટાથી કુમળી કદળી ઉથલી પડે તેમ પ્રાણપ્રીયા? તમો શાંને ભમી પડ્યાં છો ઉઠો! આવું દુસ્તર દુઃખ તમને શું છે? (એમ કહી હાથ ઝાલી બેઠાં કરી બેસારી આમ જુવેતો વિદુષક પણ તેમ પડેલો છે! તેને રાજા કહે છે.)

સુરસિંહ-ભાઈ તુંએ વરરાજા જેમ નાળીએરે નાક લોતાં ઉથલી પડે તેમ હાથ ઉપર માથું મેલી ઊંધા પડ્યાછો!

વિદુશક.—તમે જાણુતા નથી! આપની કુંવરીને કુંવરી વરી જાણી રાણીને મુર્છા થઈ માટે હું મારાં માબાપને નમસ્કાર કરૂં છું કે મને પરણાવ્યો નહી તે સારૂં કર્યું! કારણ મને કદાચિત નર વરત તો મારી શી ગતી થાત! (આવી વિદુષકની વાણી સાંભળી સુરસિંહ શોકાતુર થઈ સિંહાસને બેઠો એટલે વાઘેલી તેને કહેવા લાગી.)

રાગ મરશીઆનો.

અરર હાય કેમ આ જોશું બાળાનો બળાપો;
કેમ જોશું બાળાનો બળાપો;
આ કુમળી કન્યાનો કહડાપોરે, હાય કેમ આ જોશું. ટેક.
જેની છતે પિયુ બળે છાતી, આગ હૈયામાં ન સમાતી;
આંખો રોઈ રોઈ કરી રાતીરે, હાય કેમ આ જોશું. ૧
સાસરે ન પામી તે સુખ, તેથી દારૂણ લાગ્યું આ દુખ;
શોકાતુર જણાય છે મુખરે, હાય કેમ આ જોશું૦ ૨

જાણે ગાઢા તે દુઃખે ઘવાઈ, તેનું તન ગયું છે તવાઈ;
એવી આંખી તે મુજને જણાઈરે, હાય કેમ આ જોશું૦ ૩
વળી વિદંળ સ્વામી માર્યો હોય, તેમ વિળાપ કરતી સોય;
કે નારી મળી હોય નોયરે, હાય કેમ આ જોશું૦ ૪
અતિ આક્રંદ કરે દીન રેણી; એને રૂચે નહી વાત કેની;
જાણે પીડીત હોય જ્યમ પ્રેહનારે, હાય કેમ આ જોશું૦ ૫
દૈવ કોપ કીધોછે શું આવો, દીકરીને ન પોહોચ્યો લ્હાવો;
સસુરપક્ષેથી ખબર મંગાવોરે, હાય કેમ આ જોશું૦ ૬
મુને અખંડ થાય ઉજાપો, મારૂં કષ્ટ તે કંથજી કાપો;
નથી જોતાં તે જાતા અદાપોરે, હાય કેમ આ જોશું૦ ૭
જળ વિના તલફે જ્યમ મીન, ત્યમ ચકવી તલફે છે દીન;
એમ થઈ છે ઉચાટ આધીનરે, હાય કેમ આ જોશું૦ ૮

સુરસિંહ૦—

તમે સાંભળો રાણી સુજાણ, સોલંકીની હું શુદ્ધ લઊરે;
જોઈ સાચ જૂઠ પ્રમાણ, દંડ પછી તેને દેઊરે. ટેક.
તમે રાખોને મનમાં ધીર, સોલંકીની હું શુદ્ધ લેઊરે;
મારે સંગે ચડે સૂરવીર, સોલંકીની૦ ૧
જેણે કર્યું અઘટીત કામ, સોળંકીની૦
તેને વળશે તે કેમ વિરામ. સોળંકીની૦ ૨
કરે પુરના તે લોક પોકાર, સોળંકીની૦
નૃપ થઈ પરણાવી નાર. સોળંકીની૦ ૩
તેડું જમવા જમાઇને આંહી; સોળંકીની૦
પછે પાપ છુપ્યું રહેશે નાંહિ. સોળંકીની૦ ૪
આવો કર્યોછે મન વિચાર; સોળંકીની૦

સર્વાનુમતે નક્કી નિરધાર. સોળંકીની૦ ૫
જોઈ પરિક્ષા દમયંતી નળ, સોળંકીની૦
એ છે નર વિંડળ. સોળંકીની૦ ૬
મારે તરવરીયા છે તોખાર, સોળંકીની૦
વળી ખાદાનો નહિ પાર. સોળંકીની૦ ૭
જશે છત્રપતી શું છેતરી, સોળંકીની૦
દંભ કરી વરી દીકરી. સોળંકીની૦ ૮
મમ કુંવરી નાંખી કૂપ માંય, સોળંકીની૦
એને લાજ ન આવી કાંય. સોળંકીની૦ ૯
તેડું મોકલું કાલરી મોઝાર, સોળંકીની૦
સદ્ધ્ય પર બેસારી સરદાર. સોળંકીની૦ ૧૦

(પછી સુરસિંહ કાગળ લખી સ્વારને વાંચી સંભળાવેછે.

" કહોને કેસરબા પુત્રી સુખી, એ રાગ. "

સ્વસ્તશ્રી સુંદર કાલરી ભૂપ, ધન્ય વજેસિંહ રાજ સ્વરૂપ;
સોલંકી કૂળ દિપક ભાણ, સર્વ વિદ્યામાં છોજી સુજાણ;
તેજમાલજીનું તપોને તેજ, ઇશ્વર પાસે માગીએ એજ;
વિનતિ અમારીછે આપને એહ, જમાઇ ઉપર રાખોછેનેહ.
માટે મોકલજ્યો સવારોની સાથ, નીશ્ચે અમને કરોજી સનાથ.
નકી મોકલજ્યો નથી કાંય દુર, એટલો રાજાજી મમ મચકુર.

સુરસિંહ.—તાલમખાન લો યહ રૂક્કા કાલરી લેકે જાઓ, ઓર જમાઈ રાજકું લેકે જલદી અહાં આઇઓ ?

તાલમખાન-બોત અચ્છા ! મેં આપકા નીમક હલાલ નોકર હું કોઈ બાતકા અંદેશા મત રખના. મેં હરેક હીકમતકર લેકે આઉંગા. (એમકહી જાયછે. પડદો પડ્યો)

अंक ४ थो.

પ્રવેશ ૭ મો.

સ્થળ—વજેસિંહ દરબારનું દરીખાનું.

પાત્ર. વજેસિંહ, રાજસભા, તેજમાલ. તાલમખાન, કુમારો.
(સર્વ રાજમંડળ બેઠુંછે ત્યાં આવી સાલામકરી જમાદારકહેછે.

ગજલ.

" બેદાદ મુજે યાદહે, વલાહ તુમારી. " એ રાહ.
સોલંકી સલામ લીજીઓ, પટનકે બાસીકી,
પટનકે બાસીકી, ઓર પ્રીયા પ્યાસીકી. સોલંકી. ટેક.

ચાવડો ચતુર છત્ર પતી હે હમારો,
મુલ્કુમેં મહશુર જીને, કીર્તિ ઉજાસી કી. સોલંકી૦ ૧
મખશુમ મેરી જો જબર, મૈ ચુંવાલમે આયા;
કદમુકા દેદાર કીયા, હુઈ જાત કાસીકી. સોલંકી૦
બેરીવદ ખુશકા ખુબ, હાલ પુછકે;
રાજ્યને પ્રનામ કીયે, નમાય નાસીકી. સોલંકી૦
દોહીત્રકું વો દેખને, ઉર ઇંતેજાર હે;
પૂત્રકું પટન ભેજ, પિર હરો ઉદાસીકી. સોલંકી૦
બેલને ઓર બુબિયાં, કરનેકુ ભેજો;
વાં માતાજીકી મહેર, યાં કુજલ અબિનાસીકી. સોલંકી૦

તાલમખાન—(સોલંકી પ્રતે) હજુર યહ રૂક્કા લીજીયે ઇસમેં હમારે સંગ ઠાકોરે સાહેબકું પટન ભેજનેકા મહેરમ લીખા હુવા હે.

વજેસિંહ—(કરમથી પ્રતે) પડાણને રતન બાગમાં ઉતારજ્યો.

(કહી કાગળ વાંચી ભાઈ સાથના કુમારોને કહે છે.)

ગજલ.

" ગરસેં સૈયાં દૂર લા લાયા મુજે, " એ રાહ.

સુનો સોલંકીકે કુમાર, એકીલ નાં જાના અચ્છા;
સુંઢીયો સબ સાથ, તેજમાલ સમાના અચ્છા. ટેક.
બખ્તર ટોપ પેંન, બાંકે દરેસે પટન જાઈઓ;
સોલંકી હોકે નાંહિ, સુરેત છુપાના હે અચ્છા. સુનો૦
કિસીકે ફંદમેં ફસાકે, નિકલના હોતા મુશ્કિલ;
ઉસ લિયે ઓર દેસમેં, ગાફિલનાં રેના અચ્છા. સુનો૦
પટનકું તુંમ બેરહો, નાં ફેર ઉસમેં જરા;
તેજમાલહે તુંમ ભરોંસે, ખુબ સમાલના અચ્છા. સુનો૦

કુમારો૦—(હર્ષભેર) વાહ દાદા! અમો ચારસેં બાઈઓ તેજમાલજી જોડે પાટણ જવા સુંઢીએ છીએ.

વજેસિંહ૦—આ તાલમખાન તેડવા આવ્યા છે તેમનીજોડે હુંશિયારીથી જાઓ. (સરવે પાટણ જાય છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—પાટણના ચાવડા સુરસિંહનો સ્ફટીક મહેલ. તેજમાલ, સુરસિંહ, ચાવડાઓ, કુમારો, લાલઘોડી. રેશમ.

(સુરસિંહ ચાવડો દરબાર ભરી બેઠો છે તેને તાલમખાને કહ્યું કે જમાઈ રાજ પધાર્યાછે એટલે રાજાએ સન્મુ કરી સોલંકી સુધાં તેજમાલને સનમાનથી બેસારી અમલ કસુંબા કરી સુરસિંહ બોલ્યો.)

ઠુમરી રાગ જીલો.

" રૂબારે મોરી નીંદ ઉચટ ગઇરે " એ રાગ.

ભલેરે રાજ પધાર્યા મમ પૂર, પધાર્યા મમ પૂર; ભલે. ટેક.
પ્રેમ કરી મુજ પુરમાં પધાર્યા, સોલંકી શાણા સૂર. ભલે.
અંગોલ કરવા અંગેથી કહાડો, વસ્ત્ર આભૂષણ દુર. ભલે.
જાઓ નાઈ તેજમાલ નવરા, ચોળીચોળી સો ઉર. ભલે.

(આટલું કહેતામાં તમાસો જોવા નાઇઓ તત્પર હતા, તે તથા ચાવડા ઉઠી તેજમાલે નહાવાની નામરજી બતાવ્યાથી હચાહચ કરી કસો છોડવા મંડ્યા ત્યારે તે બોલ્યો.)

ઠુમરી.

" બજારે મોરી કંગની નીકારી ગયોરે " એ રાગ.

તેજમાલ૦—

નાઇઓરે મુને ના નવરાવશોરે, બાધા બહુ આકરી. ટેક.
વણ કંઈ લીધે, વણ કંઈ મેં પીધે;
નાહક મુંને શુંય સતાવશોરે. બાધા બહુ આકરી.
ચાવડાજી કર મૂકો, જોવાને શું ઢૂકો;
મિથ્યા તમે માન ગુમાવશોરે. બાધા બહુ આકરી૦
ચારસો ભાઈ મારે, તેજ જેની તલુવારે;
ફંદ કરી મુજથી નહિ ભાવશોરે. બાધા બહુ આકરી૦

(આટલું ગાતામાંજ તેજમાલને સૂરે ચડવાથી તેનું અંગ ફુલ્યું ને રોમ રોમ ખડાં થઈ ગયાં કે હોકારો કરી મરો કોથીઓ એમ કહી હાથ છોડાવી લાલઘોડીપર સ્વાર થયો કે તુરત તેની જોડે સોળંકીના ચારસો કુમાર બખ-

તર હથિયારોથી સજ્જેલા હતા તે પણ સ્વાર થયા કે ચાવડો ચેતી ગયો, પણ સ્ત્રી હત્યા એસશે એમ જાણી તે મુગલો પ્રતે બોલ્યો કે—અહા ! ! ! હાથ તાળી દેઈ દગાખોર જીવતો ચાલ્યો જાયછે! જાઓ દરવાજા બંધ કરી ઘેરો ઘાલી તેજમાલને મારો. અને ચારસોનો ખોડોઅમો કાઢીશું. કહી ૫૦૦૦ ઘોડે પાખર નાંખી ચાવડો યુદ્ધ કરવા ચઢ્યો કે—પાટણ શેહેરમાં આહાકાર થઈ રહ્યો ને સૂરવિરોના સિંહનાદથી ધરા ધ્રુજવા લાગી. તે સમે તેજમાલને સોળંકીના ચારસો કુમારો વિંટાઈ વળી સૂર્યના કીરણો સમ શોભવા લાગ્યા. તે જોઈ ચાવડાઓ તેમની પાછળ ચકરાવો કરી ઉભા એટલે કુમારો બોલ્યા.

કુમારો૦—(સુરસિંહ ચાવડા પ્રતે.)

" ઉજેણી તારીમાં ન રહુંરે." એ રાગ.

ધિક ધિક ચાવડા ચંડાળ, જમવાને જમાઇ નોતરી૦.

કેમ કુડાં ચડાવે છે આળ, જમવાને૦
સુણ હૈયા ફુટ્યા હેવાન, જમવાને૦
મારવા મચ્યો મૂર્ખ મેમાન. જમવાને૦ ૨
બાળક જાણી શું ઘેરે ગમાર, જમવાને૦
લજવાતો નથી તું લગાર. જમવાને૦ ૩
બાંધ્યો કરાવી લંપટ હરામ, જમવાને૦
ધિક કરવા આવ્યો સંગ્રામ. જમવાને૦ ૪
છત્રપતી થઈ છેતર્યા બાળ. જમવાને૦
નોય સિંહ નકી તું શિયાળ. જમવાને૦ ૫
તારે આટલું હતું જ્યારે પેર, જમવાને૦

શીદ તેડાવ્યા તુજ ઘેર. જમવાને૦ ૬
તુંતો નકી જાણજે નિર્વાણ; જમવાને૦
સુરાનો વાળશું મથરાણ. જમવાને૦ ૭
તુંતો રેહેજે હવે હુંશિયાર, જમવાને૦
હવે ચાલે હમારી તલુવાર. જમવાને૦ ૮

(આવું કહી તમામ તલવારો ખેંચી તુટી પડી સાતસો ચાવડા માર્યા. તેમાં પોતે પણ ખપી ગયા. કારણ તેઓ મુઠીભર હતા. પછી તેજમાલને એકલો જોઈ ચોગરદમ ઘેરી મારમો તીરંબાજી કરવા લાગ્યા. તે જોઈ તેજમાલ અકળાઈને બોલ્યો. ગરબી.

"રાતલડી કોની સંગે જાગ્યા." એ રાગ.

ચાવડાજી પ્રાક્રમ જોજોરે મારૂં, સૈન્ય સુધાં તુને સંહારૂં..ટેક
રમવારે મુને તેડું કરીનેરે લાવી, નાંખ્યો મુને ફંદામાંરે ફસાવી;
સસરો થઈ શરમ કાંયે નાવી. ચાવડાજી પ્રાક્રમ જોજોરે૦ ૧
હવે હું તો મેલું તમારીરે માઝા,
એકલો જાણી મારવા આવ્યા છો ઝાઝા;
ધિક ધિક બંધ કરીને દરવાજા. ચાવડાજી૦ ૨
ક્રપટી કૌરે ચક્રાવો જ્યમ રચીયો,
પાપી તું મુજ પાછળ એમ મચીયો;
અભિમુન્ય હાથે એકો ન બચિયો. ચાવડાજી૦ ૨
ચારસો મુજ ભાઈઓ નાંખ્યા તેં મારી,
ખુશી માં થા ખબર જોઉંછું તાહારી;
જીવતો જાઉં મુગલોને હું વિદારી. ચાવડાજી૦ ૩
(એમ ગાયનના રૂપમાં ફીટકાર દેઈ લાલઉપર કુતરી લેઈ

જેમ માતાજીએ હસ્તકમળમાં ત્રીશૂળ લેઈ શુંભ નિશું-ભના દળનો નાશ કર્યો. તેમ તેજમાલે પણ ભાલો લેઈ " જે માતાજીની " એવી વાણીની ગર્જના કરી. ૭૦૦ મુગલોને મારી લાલને કોટ કુદાવી સહીસલામતથી કાલરી ને માર્ગે થયો. તે આશ્ચર્ય જોઈ સુરસંઘ પણ પોતાના મહેલાત તરફ ફીકે હાલે ગયો.) (પડદો પડ્યો.)

अंक ५ मो.

પ્રવેશ ૮ મો.

તેજમાલ, લાલઘોડી, રેશમીકુતરી, વટેમાર્ગું, વજેસિંહ.

(તેજમાલ સથરવથર શરીરે ભયભીત થઈ નાસતાં નાસતાં ઓરવનમાં વરખડીની છાયા ને તલાવડી જોઈ ચૈત્ર માસના તાપથી અકળાઇ લાલપરથી ઉતરી તેનેવરખડીને મૂળે બાંધી તેની છાય તળે બેઠો. એટલે એક વટમાર્ગું આવ્યો.)

વટેમાર્ગુ—અહો !!! આવા મોટા અરણ્યમાં એકલા કેમ નીકળ્યાછો ને નેણે નીર કેમ ભર્યાં છે તે મને કહો ?

તેજમાલ— ગીતિ.

પડી અઘોર વન એકલી, બહુધા નહી મારો બેલી;
જાઉં સોળંકી સુતા મેલી, તેની આંખે મમ હેલી. ૧

(વળી ઉસાસા ભરી બોલ્યો.)

ગરબી.

'બોલીએમ કીર્તિ કુમારીરે,છાની એક વાતછે મારીરે,રાગ.'

પુરૂષાર્થ વિણ શું કરવુંરે, મારે નિશ્ચે ઘટે મરવુંરે. ટેક.

ખોટો ખેલ રચ્યો માબાપેરે, દાઝું તે દેખી અદાપેરે;
જુગતિરૂપ જાપે ન ફરીરે, ફૂક કીધું કન્યા મેં વરીરે. પુ૨૦
રાખી કેમ રહેશે આ છાનીરે, ખોલી મારે અંગે બગલાનીરે;
અકળા અતિ ઉપડી આવ્યારે, સમ કેમ તેનો સમાવ્યારે. પુ૦
ચારસો ભાઈ રણે રોળાવીરે, કેસરીયા વાઘા કરાવીરે. પુ૦
કાલરીમાં શું મહોડું દેખાડુંરે, ગુદું દુઃખ કયાં હવે ગાડુંરે;
મરવું હવે ઘટેછે મારેરે, સુખ નહિ આવે સંસારેરે. પુ૦
સમરી હુંતો બેહુચરમાઈરે, પછી મરૂં ખંજર ખાઈરે.

(એમ કહી માતાજીની સ્તુતિ કરવા લાગ્યા).

રાગ બનજારો.

ધાજ્યો ધાજ્યો ઘોળાગઢરાણી, તુને માર્કંડેય મા વખાણી.
શુંભ નિશુંભ નાખ્યા તે મારી, હતા જે મહા માંસાહારી;
ધન્ય કરૂણા નિધ કલ્યાણી, ધાજ્યો ધાજ્યો ઘોળાગઢ૦ ૧
મા મહીષાસુર રણ રોળ્યો, ચંડ મુંડ ચાંચણવત ચોળ્યો;
દેવોનું દુઃખ અંતર આણી, ધાજ્યો ધાજ્યો ઘોળાગઢ૦ ૨
તમે વાસુદેવની વારે ધાયાં, વળી વિજળીરૂપે ઓળખાયાં.
માં પ્રકટાવી સારંગપાણી, ધાજ્યો ધાજ્યો ઘોળગઢ૦ ૩
તેં ભક્તોનાં કારજ કીધાં, દહિતોનાં રૂધિર મા પિધાં;
તે મોટમ સઉમાં માણી, ધાજ્યો ધાજ્યો ઘોળાગઢ૦ ૪
તુને સુરનર મુનિવરે સેવી, મારૂં દુઃખ ભાગો મા દેવી;
શામાને શર્ણાગત જાણી, ધાજ્યો ધાજ્યો ઘોળાગઢ રાણી.

(આટલી સ્તુતિ કર્યા કેડે તેને સહાયતા વળી એટલે કુન્તરી તાપને લીધે તલાવડીમાં પડેલી હતી તેને કાઢવા માટે માતાએ મતિ સુઝાડવાથી મરવાનું ભૂલી જઈ તેને તીરે

વરખડી. ત્રિશૂલ. લાલ ઘોડી. રેશમી કુતરી. તલાવડી.



ગયો કે કૂતરારૂપે જોઈ સાનંદાશ્ચર્ય પામી ચોતરફ કોઈ આવતુ જતું ન જોયું ત્યારે, લાલનું સાજ ઉતારી તેને દોરી તલાવડીમાં નાંખી કે તે પણ ઘોડારૂપે થઈ!!! તે જોઈ તેજમાલે મનમાં વિચાર્યું કે; આ માતાજીની મહેર વિના બીજું કાંઈ કારણ નથી; માટે હું પણ નાહીં તો મારૂં પણ સ્વરૂપ પુરૂષ જેવું થાય, એમ જાણી પોતે પણ નાહ્યો કે તુરતજ ખુરજ બે એથી જઈ મોઢે મુછો થઈ કામદેવ જેવી ક્રાંતિ થઈ. પછી જળ બહાર નીકળી જુવે તો વરખડી નીચે શ્રીબહુચરાજી માતાજી કુકડાપર સ્વાર થયેલાં દીઠાં. એટલે તેમને દોડી દંડવત કરી ઉઠ્યો કે તુરત તે અંતરધ્યાન થયાં. પછી તે જગોએ એંધાણીને માટે ત્રિશૂલ રોપ્યું, પછી ઘેર જવા ઘોડે સ્વાર થયો કે ચારસેં સોલંકીના કુમારો શ્રીબહુચરાજીના પ્રતાપથી સજીવન થઇ આવતા જોઈ અચકયો. એટલામાં કોઈ વટેમાર્ગુએ વજેસોળંકીને વધાઈ કરવાથી તે સૈન્ય કરતા વાજતે ગાજતે મોટા આડંબરથી બાગવનમાં (પ્રવેશ કરી પુછવા લાગ્યો).

વજેસિંહ૦—(કુમારો પ્રત્યે) સર્વે કુશળ ક્ષેમ છો ?

કુમારો૦—હા બાપુ. પણ પાટણમાં સરભરા થઈ તે કહીયે છેયે.

'પાટણના નૃપ નથી તુજ મહેલે, પદમની નારી' એ રાગ.

પાટણના રાજાએ પિતા, નાંખ્યાતા મારી. ટેક.

અમને દુઃખ દીધું ભારી, વાત ના જાય તે વિસ્તારી;
ચઢ્યો સૌ સાથે લઈ સ્વારી, અતિ સૂરા હોકારી. પાટણ.
કરી બાર દરવાજા બંધ, માંચો એણે લડાઇનો ધંધ;
નહીં સમજ્યો એ કંઈ અંધ, તારે અમે કરી કીલકારી. પા.
પછી અમે કરીને ઝઝું જુધ, સૌ તણી હણી શુધ બુધ;
મારી મુગલો કેરૂં જુથ, જરી લાગ્યા નહીં લાચારી. પા૦
આતો કરી માતાજીએ મહેર, આવ્યા અમો અમારે ઘેર;
એવી થઈ પિતા ત્યાં પેર, એ સૌ બહુચરની બલિહારી. પા.

વજેસિંહ૦—શાહાબાશ! શાહાબાશ! સોલંકી કુળદીપક કુમારો.

કુમારો૦—(રાજા પ્રતે) અમતો ચારસો ભાઇઓ પાટણમાં મુર્છિત થઈ પડેલા હતા. પણ શ્રીબહુચરાજીની અમૃત દ્રષ્ટીના પ્રતાપથી પ્રફુલિત થઈ અહીં આવી તેજમાલને મળ્યા તો તે પણ તરૂણ વયના રાજકુમાર રૂપે દીઠો. એવો પરમેશ્વરીનો પ્રત્યક્ષ પ્રતાપ જોઇ પરીપૂર્ણ પ્રેમ પ્રગટ થયો છે.

વજેસિંહ૦—તમો સર્વે અને તેજમાલને જોઈ મને પણ જેમ અંધને આંખ્યો ઉઘડે, મુમુક્ષુને મોક્ષ મળે તેમ તમો સર્વેને કુશળ જોયાથી મારા જીવને સુખશાતા વળી. કારણ હું જાણતો હતો કે જંગ જામશે, માટે તમોને બખ્તર, ટોપ, હથિયારોથી સજાવી મોકલ્યા હતા, ને હુંપણ સજી બેઠો હતો. શું કરૂં? ન મોકલું તો આપણી કીર્તિને કલંક લાગે, તેથી નચાલ્યે મોકલ્યા હતા. પણ પરમેશ્વરીયે સર્વ સંકટ સામટું કાઢી મને કૃતાર્થ કર્યો તે બહુ સારૂં થયું. આ જગોએ એમનું દહેરૂં કરાવીશું. ચાલો હવે

આપણા દરબારમાં જઈને તેજમાલની વહુને તાકીદ-
થી તેડું મોકલીએ, કારણ એ સતી લડાઈમાં ખપીગયા
એમ જાણી પોતાનો પવિત્ર પ્રાણ ત્યાગ કરશે ! માટે
હવે આપણે ચાલો. (જાયછે) (પછી પડદો પડ્યો.)

अंक ६ ठो.

પ્રવેશ ૯ મો.

પાત્ર. વજેસિંહ. અલ્લાઉદ્દીનખુની. સિદ્ધપુરના બ્રાહ્મણો.

વજેસિંહ-(પ્રવેશ કરી) અહો ! પ્રધાનજી શ્રીબેહુચરા
જીની કૃપાથી મારૂં જીવન સફળ થયું, માટે માતાનું એક
દીપમાન દેવાલય વરખડી પાસે બંધવો. અને પાટણ
આણું મોકલાવો! (એમ વિનોદની વાતો કરેછે એટલામાં
એક જાસુસે આવી અલાઉદ્દીને રૂદ્રમાળોતોડી બ્રાહ્મણોને
મેરચાછે એવું કહ્યું. તેની દિલગીરથી દરબાર બરખાસ્ત કરી
વિચાર ભુવનમાં ગયો. પછી સિધપુરનો પડદો પડ્યો.)

(અલ્લાઉદ્દીન પ્રવેશ કરી રૂદ્રમાળો જોતાંજ બોલ્યો.)

અલાઉદ્દીન૦-(નાજમ પ્રત્યે) અહો! કયા કમબખ્તને
કામ કીયાહે? હેમક લોક કુછ અલ્લાઉદ્દીનકું જાનતે હે કે?
સારે દુર્ગ દેવળકું ભાંગી ઇસ્લામ ધર્મકી આપખુદી કર-
વાલા આયાહે? ઉસ લિયે તમામકુ તુજરબા તુરત સામ-
નેઇ દેખાતાહું. (એમ કહી રૂદ્રમાળાને કોરડામારતાં ક્રોધે
બોલ્યો) એક દો સાડે તીન, બ્રાહ્મણ બોલો દીન; દીખાદો
આકીન, નાંતો જનોઉ લુંગા છીન. ચલો તુમારા દેવકા

કુછ દેવાતન દીખા કે મુવા મેંડા સજીવન કરો ? ઓર નાં કરો તો કુરાનકી કબ્રમાં પડકે ઇશ્લામ ધર્મ યાદ કરો.

બ્રાહ્મણો૦—તમે સાડાત્રણ કોપડાથી કાસમો કુંવારકા કોંઠે ૨૯ માળો પાડ્યો માટે સાડાત્રણ દિવસ પછી તમને પ્રતિ ઉતર આપી પેગંબર પાસે પરસ્તાનમાં પહોચાડીશું.

અલાદીન૦—બહોત ખુબ. હમ ઇસ બખતો જાતેહેં મગર સાડેતીન દિનપીછે યાં જુવાપ લેનેકું આયંગે. (કહીજાય છે. એટલે બ્રાહ્મણો બેઠાછે તેમનોઅધિષ્ટા બોલ્યો કે)

અધિષ્ટા૦—ગાયત્રી પુરશ્ચન કર્યેથી આપણને સ્વપ્નામાં યા અંતરીક્ષ અવાજ કરી મ.તાજી દુઃખ દુર કરશે. માટે તેનું આરાધન કરો. (આવું સાંભળી સ્મરણ કરવા માંડયું.)

રાગ પ્રભાત રામકલી.

"કુણરે સમાના કામની, દત્ત ફળીયેલ રામા". એ રાગ.

શુન્યરે સમાધિથી જાગજ્યો, ઓ અખંડ અવિનાશી;
આધશક્તિ મા આવીને, દ્યો દરસ પ્રકાશી. શુન્યરે સ૦ ૧
સાહ્ય કરજ્યો અમો સર્વની, તમો સરસ્વતિરે માતા;
બેઉ કર જોડી બ્રાહ્મણો, ગોવિંદ માધવ ગુણ ગાતા. શુન્ય.
અસુર ઘણા હાથે હણ્યા, ઓ બહુચર બરદાળી;
સાહ્ય કરજ્યો મા આ સમે, ધાઈ ચોળાચઢ વાળી. શુ૦ ૩
તમે દામોદરજી દયા કરી, હાર આપ્યો મેહેતાને;
આ ભવસાગરના તાગનો, પાર દેજ્યો વેહેતાને. સુન્યરે૦
તમે વાસુદેવને વિશંભરી, કરી આકાશ વાણી;
એમ કરો મા આ સમે, અમને અકળાએલા જાણી. શુ૦
તમે સુખનવાને ત્યાં શ્રીહરી, માટલી મધ્યે બિરાજી;

ઑષધોનું બળ તોડિયું, શંકર કર્યા રાજી. સૂન્યરે સમા૦
કવિ શિવો કહે સુખ આપજ્યો, એ સંપતપુર રાણી;
સુરીનર મુનિવર સેવતા, વિધવિધ વેદ વખાણી. શૂન્યરે૦

આરતનાદથી આ સ્તુતિ સાંભળી શ્રીએકુચરાજીએ સ્વપ્નમાં આવી કહ્યું કે—હે! બ્રહ્મો તમો શા વાસ્તે ચિંતા કરો છો? પશ્ચિમમાં કાલરી ગામ પાસે મારા સ્થાનકે લાવજો. એટલે તેમને હું મારો પ્રતાપ દેખાડીશ! આવું સાંભળી બેઠા છે એવામાં અલાદીન પ્રવેશ કરી બ્રાહ્મણો પ્રતે બોલ્યો.)

અલ્લાઉદ્દીન— ગજલ ચાલ રેકતો.

"ફિર કુબારા ઈસ્કકા, દિલપેં અશર પેદા હુવા" યહરાહ.
તુજરબા તેરે ઈષ્ટકા, બતાદો નાંતો બૂરો હુવા;
કબતક મેં કરૂં ખામોશ, પંડિત હોકે બનો સુવા. ટેક.
જુવાબ તુમનાં આવે જુબાં, હો હેમક લોકો ભારોગે;
જાનાહે જલદી મુજે, કબતક ફૂટાવોગે પુવા. તુજરબા૦
ફિર ફિર મેં સારે દેખ્યા, તિર્થ હે જો હિંદુસ્તાનકે;
હો નુર બિનાકા પૂતલા, ખડા કીયે સે કયા હુવા. તુજર૦
જોગી સન્યાસી સેવડા, સુદ્ધ સબકી ભૂલાદી મેંને;
કંઈ જાદુબાજોકું ઝાટકે, લાખુંકી લીહે બેદુવા. તુજરબા.
મેં આપખુદી આલંમ બિચે, કી મુલ્કુમેં એ મહશુરહે;
ખુની આંખુસેં ખલ્કમેં, લાખુંકી લીહે બેદુવા. તુજરબા.
પુકારો પ્રભૂ પ્રયાગકે, ઓર દ્વારકાકા દેવકું;
મુરીદ બને તુંમ કિસકે, વો જીતે હંગે કે મૂવા. તુજરબા.

બ્રાહ્મણો૦—હે! અલાઉદ્દીન પાદશાહ ખુદાઇ તો આપનામાંજ


ખતમ થઈ છે કે શું? ચાલો તમો પશ્ચિમમાં શ્રીબેચરાજીનું ધામછે ત્યાં તે તમને પડછો બતાવશે. (પછી મુગલો ૨૯૨ બ્રાહ્મણોને લેઇ ત્યાં ગયા). પડદો પડ્યો.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—બહુચરાજીનું ધામ.

(મુગલોએ આવી મુકામ કર્યો કે માતાને પારે મરઘા રમતા જોઈ મન લલચાયાથી તે ભક્ષ કરી નીરાંતે સુતા પછી મધ્ય રાત્રે તે કુકડુકુ કરી પેટમાં કુદાકુદ કરી ઘણા અકળાવી પેટ ફાડી બહાર નિકળ્યા! આવો પ્રત્યક્ષપ્રતાપ જોઈ કેટલાક મોગલોએ હાથે ચુડી તથા નાકે નથ પહેરી જનાની કપડાં કરી કમાળીઆ થઈ માજીના ગરબા ગાવા લાગ્યા)

અલાઉદ્દીન૦—(માતા પ્રત્યે) મેં તુમારા મુરીદહું મા મેરા ગુનાહ માફ કરીઓ; એમ ઘણા કાલાવાલા કરી એક આરસની ડેરી કરાવી દીલી ગયો. (પછી તેજમાલ તેજખાને તેડી આવી, ઉરૂ તથા માનશરો વરપુરૂ કરાવી પરમ સુખે પિતા માતા સમેત રાજ્ય ભોગ ભોગવવા લાગ્યો). તથાસ્તુ.



માનશરોવર,





વિજ્ઞપ્તિ.

સર્વે કવિ કોવિદો ભૂલ સુધારી વાંચશોજી.

મહારાજા ધિરાજ મોરબી મહારાઓજી શ્રી ૭ મહારાઓજીશ્રી ખેંગારજી સવાઈ બહાદુરની પોશાળના શિક્ષણના પ્રતાપથી આ બુક, ગો. શ્રી બાળકૃષ્ણજી વિરહ, સી. એસ. આઈ. બેહેચરદાસ વિરહ, સુરતની ભયંકર આગ, આબ હેવાલ, ગાયનસંગ્રહ. સર્વે પુસ્તકો મારી તર્ફથી નીકળ્યાં છે. માટે આશિર્વાદ સાથે તેમનો ઉપકાર માની **ભુજ ભુપતિને** મુબારકબાદી આપવામાં આવે છે.

સોની. **રણછોડલાલ હીરાચંદ** જડીયાને ત્યાંથી આંબલીની પોળ પાસે દુકાનેથી તથા યુનાઈટેડ પ્રેસમાંથી ને ખાડીયામાં દેસાઈની પોળમાં કવીને ઘેરથી આ બુક મળશે.

કવિ શીવલાલ ખુશાલભાઈ બારોટ. ગ્રંથ કર્તા.